# શનિ-રવિ સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૨૪-૨૫

રાજ્યના મુખ્ય મથકોએ પ્રવાસીઓ તેમજ કલાપ્રિય મહાનુભાવો/કલાકારોને કાયમી ધોરણે વિવિધ પ્રકારના શાસ્ત્રીય,સંગીત, નૃત્ય,નાટક,રાસ ગરબા તથા લોકભવાઈ વગેરે કાર્યક્રમો કાયમી ધોરણે યોજવામાં આવે છે.

જેના ભાગરૂપે કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા માં તારીખ ૦૬/૦૭/૨૦૨૪ તથા ૦૭/૦૭/૨૦૨૪ નાં રોજ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે અને જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી મહીસાગર સંચાલિત શનિ-રવિ સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૨૪-૨૫ નું આયોજન થયું હતું.

આ કાર્યક્રમ શાળાના ઓડીટોરીયમ હોલમાં યોજ્યો હતો. જેમાં આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમને નિહાળ્યો હતો. કલાકારો દ્વારા સંગીત ,દેશભક્તિ ગીતો અને અભિનયથી વિદ્યાર્થીઓમાં દેશભાવના ના ગુણો વિકસે તેમજ પર્યાવરણનું જતન કરવું, સ્વચ્છતા અંગે નું માર્ગદર્શન વગેરે અભિનય દ્વારા રજુ કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓએ પણ સ્વચ્છતા અને પર્યાવરણ જતનની જાગૃતિ માટે પોતાનો સહયોગ આપશે અને પોતાના ઘરે એક વૃક્ષ વાવવાનો સંકલ્પ પણ કર્યો હતો. વિદ્યાર્થીઓએ ખુબજ આનંદ સાથે કાર્યક્રમ ને નિહાળ્યો હતો.








